# પરિશિષ્ટ

# શબ્દસર

ISSN 2249-2933
Listed on UGC-CARE
list Group I

તંત્રી : કિશોરસિંહ સોલંકી   અંક : ૨૩૨ ઓક્ટોબર ૨૦૨૦



શબ્દસર
વર્ષ : ૨૦
સળંગ અંક : ૨૩૨
ઓક્ટોબર : ૨૦૨૦
તંત્રી :
કિશોરસિંહ સોલંકી

પત્રવ્યવહારનું સરનામું :
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુદ્રણ-વ્યવસ્થા :
ખુશ્બુ પ્રકાશન
૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી
અમદાવાદ-૩૮૦ ૦૦૬

માલિક :
ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુખપૃષ્ઠ અને ટાઈટલ ૩
ચિત્રકાર અશ્વિન યોગાનંદીની ચિત્રકૃતિઓ
કામદેવ અને રતિ

## સૂચનાઓ

૧. 'શબ્દસર' દર મહિનાની ૧૦મી તારીખે પ્રકાશિત થાય છે.

૨. 'શબ્દસર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦-૦૦ અને આજીવન રૂ. ૨૦૦૦-૦૦ રોકડ / ડ્રાફ્ટ/ મની-ઑર્ડરથી વર્ષમાં ગમે ત્યારે સ્વીકારવામાં આવે છે.

૩. 'શબ્દસર'ના ધોરણ અનુસાર લેખકોએ એક નકલ પોતાની પાસે રાખીને જ પ્રત મોકલવી. સાહિત્ય, કળા, ઈતિહાસ, સંસ્કૃતિ જેવા વિષયની કૃતિ-લેખ આવકાર્ય છે. અન્યત્ર મોકલેલી કે પ્રકાશિત કૃતિ-લેખ મોકલવાં નહીં. સ્વીકૃત/ અસ્વીકૃતનો જવાબ બે મહિના સુધીમાં આપવામાં આવે છે. લખાણ કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરમાં હોય એ જરૂરી છે. ઝેરોક્સ લખાણ ન મોકલવું. સરનામું જરૂર લખશો.

૪. પ્રકાશિત લખાણની જવાબદારી લેખકની છે. અભિપ્રાયો સાથે તંત્રી/ સંપાદકો સંમત છે એમ માની લેવું નહીં.

૫. ટપાલથી ગેરવલ્લે થયેલા અંકની જવાબદારી પ્રકાશકની રહેશે નહીં. પત્રથી જાણ કરનારને અંક હશે તો મોકલી અપાશે.

૬. 'શબ્દસર'નું લવાજમ ઑનલાઈન ભરી શકાય છે. ખાતાધારક : શબ્દસર, ખાતા સંખ્યા : ૧૦૦૦૫૪૫૦૨૭૯. બૅન્ક : સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયા, ગુજરાત મેરી ટાઈમ બૉર્ડ કોમ્પ્લેક્ષ, ગાંધીનગર. IFSC CODE: SBIN0004291. ઑનલાઈન લવાજમ ભરનાર ગ્રાહકે પોતાનું પૂરું સરનામું, લવાજમ કઈ તારીખે ભર્યું છે તેની વિગતો પત્ર દ્વારા અવશ્ય જણાવવાની રહેશે.

'શબ્દસર' માસિકના તંત્રી, મુદ્રક અને પ્રકાશક કિશોરસિંહ સોલંકીએ મુદ્રણ ખુશ્બુ પ્રકાશન, ૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી અમદાવાદ-૩૮૦૦૦૬ ખાતે તૈયાર કરી માલિક, ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગરના નેજા હેઠળ પ્રસિદ્ધ કર્યું.

# શબ્દસર

તંત્રી

કિશોરસિંહ સોલંકી

સંપાદક

નિસર્ગ આહીર ● ઋચા બ્રહ્મભટ્ટ

પરામર્શક

ડૉ. મણિલાલ હ. પટેલ ● ડૉ. વિજય પંડ્યા ● ડૉ. રૂપાલી બર્ક

પ્રકાશક


**ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ**

**સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ,**

**'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ કૅમ્પસ,**

**ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮**

shabdasar@gmail.com, nisargahir@gmail.com

www.samarpancollege.org/shabdasar

વર્ષ : ૨૦ સળંગ અંક : ૨૩૨ ઑક્ટોબર : ૨૦૨૦

છૂટક કિંમત : રૂ. ૨૫

# આનુપૂર્વી


| | |
|---|---|
| સંપાદકીય : કામપ્રભાવ અને વિકૃતિ : નિસર્ગ આહીર | ૫ |
| એક બિલાડી : વિનોદ જોશી | ૧૧ |
| ભીતરથી ભાવમય : સંજુ વાળા | ૧૨ |
| ઈશ્વર કહે : ઉષા ઉપાધ્યાય | ૧૩ |
| મોડો આવ્યો : પ્રફુલ્લ રાવલ | ૧૪ |
| પંખીઓ : પાબ્લો નેરુદા : અનુવાદ : રમણીક અગ્રાવત | ૧૬ |
| રામ જાણે ! : પ્રતિજ્ઞા પંડ્યા | ૧૮ |
| અટકળ થૈ ગઈ : સુધીર પટેલ | ૨૦ |
| ગઝલ : રિન્કુ રાઠોડ | ૨૧ |
| આવડે છે : પરબતકુમાર નાયી 'દર્દ' | ૨૨ |
| ગઝલ : શબનમ ખોજા | ૨૩ |
| આંતરરાષ્ટ્રીય દલાલનો રોમાન્સ : મૂળ લેખક : ઓ. હેન્રી : અનુવાદ : કાશ્યપી મહા | ૨૪ |
| વિરલ વિલક્ષણ પ્રેમકથા : પ્રસ્તાવના : યજ્ઞેશ દવે | ૨૮ |
| વિરલ વિલક્ષણ પ્રેમકથા-૧ : યજ્ઞેશ દવે | ૩૧ |
| કોઈ દુજો રંગ... : અરવિંદ બારોટ | ૩૯ |
| લાલ દેદનું કવિતાવિશ્વ : દર્શિની દાદાવાલા | ૪૪ |
| 'ફૂટનોટ'માં યશવન્ત મહેતા : પ્રફુલ્લ મહેતા | ૫૩ |
| હેમર્શિયા (Hamartia) : કાલિન્દી પરીખ | ૫૮ |
| શિવમંદિરો : કલાપ્રતીકોની યોગાભિવ્યક્તિ : અરુણા જાડેજા | ૬૧ |
| વર્ષા અડાલજાની વાર્તાઓમાં સ્ત્રીવિષયક પ્રશ્નો અને તેનાં સમાધાનો : મિતલ પટેલ | ૬૭ |
| ધીરુબહેન પટેલની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો : પિનાકિની ઝાલા | ૭૩ |
| આ અંકના શબ્દધર | ૮૨ |

# ધીરુબહેન પટેલની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો

પિનાકિની ઝાલા

ઈ.સ. ૧૯૨૬માં જન્મેલાં ધીરુબહેન પટેલ ગુજરાતી સાહિત્યનાં આધુનિક યુગનાં સ્ત્રીલેખિકાઓમાં અગ્રગણ્ય સ્થાન પામ્યાં છે. તેમણે નવલકથા, લઘુનવલકથા, નવલિકા, હાસ્યકથા, નાટક જેવાં બહુધા સાહિત્યસ્વરૂપોમાં સર્જન કરી પોતાની પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. ધીરુબહેન પટેલે ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી સાહિત્યની ઉત્તમ સંસ્થાનાં પ્રમુખ તરીકે પણ સેવા આપી છે. ઈ.સ. ૧૯૫૫થી આરંભાયેલી સર્જનયાત્રા આજે પણ અવિરત વહ્યા કરે છે. ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં તેમનું સ્થાન સ્ત્રીલેખિકા તરીકે મોખરાનું છે.

વાર્તાકાર તરીકે તેમણે પાંચ વાર્તાસંગ્રહો આપ્યા છે. આ વાર્તાઓમાં આવતાં સ્ત્રીપાત્રના બાહ્ય કરતા આંતરિક ભાવોને પ્રાધાન્ય આપી તેની વેદના-સંવેદના દ્વારા કથાઘટકને કલાત્મક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે ગ્રામીણ સમાજ હોય કે નગર સમાજ, નિમ્ન સમાજ હોય કે ભદ્ર સમાજ, દરેક સમુદાયનાં સ્ત્રીપાત્રોના સંઘર્ષો, સમસ્યાઓ તેમજ ભાવો ધરાવતાં સ્ત્રીપાત્રોને તેમની વાર્તાઓમાં ઝીલ્યાં છે.

ધીરુબહેન પટેલ ટૂંકી વાર્તાક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. અહી તેમના પાંચ વાર્તાસંગ્રહો છે. આ પાંચ વાર્તાસંગ્રહોમાં સો જેટલી વાર્તાઓનો સમાવેશ થયેલો છે. જેમાં ગ્રામીણ, શહેરી, શિક્ષિત, અશિક્ષિત તેમજ પરિણીત-અપરિણીત સ્ત્રીપાત્રો વિશે રજૂઆત કરી છે. આ નારીપાત્રો વિશે અહી અભ્યાસ કર્યો છે તે જોઈએ.

(૧) 'અધૂરો કૉલ' (૧૯૫૫)
(૨) 'એક લહર' (૧૯૫૭)
(૩) 'વિશ્રંભકથા' (૧૯૬૬)
(૪) 'ટાઢ' (૧૯૮૭)
(૫) 'જાવલ' (૨૦૦૧)

૧. 'અધૂરો કૉલ'

ધીરુબહેન પટેલનો પ્રથમ વાર્તાસંગ્રહ 'અધૂરો કૉલ' ઈ.સ. ૧૯૫૫માં પ્રકાશિત થયો. એમાં એમણે સ્ત્રીવિષયક સંઘર્ષો તેમજ સમસ્યાઓને આલેખી છે.

આ વાર્તાસંગ્રહમાં સત્તર વાર્તાઓને લઈને જુદાં જુદાં દષ્ટિબિંદુઓ વડે સમાજના વિવિધ સ્તરનાં પાત્રોથી આલેખિત કરી એમની વૈચારિક ભૂમિકાને શબ્દબદ્ધ કરીને કંડારી છે.

'અવસર ચૂક્યા મેહુલા' વાર્તામાં શચીનું પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્ન ન થતાં પોતાના શરીરને ક્ષીણ કરી નાખતી જોવા મળે છે. ગ્રામપરિવેશમાં રચાયેલી 'મનામણાં' વાર્તામાં દેરાણી-જેઠાણી રૂપબા અને સૂરજબા વચ્ચે ઈર્ષ્યા તેમજ ગૌરવપ્રાપ્તિની સ્પર્ધાની સમસ્યાનું નિરૂપણ છે.'લિપસ્ટિક' વાર્તામાં અમીર ઘરની એવી પૌલોમી આધુનિક ફેશનપરસ્ત કુમારી છે, તે નિઃસ્વાર્થભાવે સામાજિક સેવા કરે છે. જે ગાંધી વિચારસરણી ધરાવતા એવા અશોક સાથે લગ્ન કરવા માટે પોતાના શોખનો ત્યાગ કરતી જોવા મળે છે.

'મંથન' વાર્તામાં રેણુકા સાવકા પુત્રને આગમાંથી બચાવવા જતાં પોતે વિરૂપ બની જાય છે. જેમાં એક માતાનો સાવકા પુત્ર પ્રત્યે પ્રેમ વ્યક્ત થયેલો જોવા મળે છે. શહેરી પરિવેશમાં રચાયેલી 'અધૂરો કૉલ' વાર્તામાં વસુ પોતાનાં મા-બાપની ઇજ્જતના કારણે પોતાના પ્રેમી સાથે આંતરજ્ઞાતીય લગ્ન કરવાનું માંડી વાળતી જોવા મળે છે. 'મારી કુસુમ' વાર્તામાં કુસુમનું સાધુજીવન, આહારવ્રત અને આહારસંચયના સિદ્ધાંતને સુંદર રીતે આલેખે છે. 'એ વાત ખોટી છે' વાર્તામાં લેખિકા સમાજની મનોદશા અને તેનું પ્રતિબિંબ આલેખે છે. મા-બાપ વગરની પ્રભા પોતાની નાની બહેન માટે પોતાના જીવનનું તેમજ સુખનું બલિદાન આપી પોતે અવિવાહિત રહે છે.

ગ્રામ્યજીવનને ઉજાગર કરતી એવી 'માતૃભક્ત' વાર્તામાં નિર્મળાબહેન જુસ્સાવાળાં અને સુધારાની ધગશવાળા હતાં. જે સમાજસુધારાનું કામ કરતાં જોવા મળે છે. નિર્મળાબહેનના પાત્ર દ્વારા સમાજસેવાના મૂલ્યનો વિકાસ થાય છે. 'તરુ' વાર્તામાં તરુનો ભાવિ પતિ મેટ્રિક નાપાસ હોવાના કારણે જુનવાણી વિચારની તેની મા ખૂબ જ હોશિયાર એવી તરુને કૉલેજમાં ભણવા જવા દેતી નથી. 'પ્રયાગ' વાર્તામાં મંગળા જેવી સ્ત્રી પોતાના પુત્ર વિનોદ અને વહુ રંભા માટે પોતાના પતિ વિરુદ્ધ જઈને આક્રોશ ઠાલવતી જોવા મળે છે, તો આ જ વાર્તામાં ઊતરતી જ્ઞાતિની એવી વહુ રંભાને ઘરમાં પ્રવેશવા દેવામાં આવતી નથી. 'સોનાનું ઘડિયાળ' વાર્તામાં મનોરમાને તેની સાવકીમા ખૂબ જ દુઃખ આપતી. મનોરમાનું લગ્ન પોતાના પ્રેમી વસંત સાથે ના કરાવીને સાવકી મા ચાળીસ વર્ષના બીજવર સાથે કરાવી નાખે છે.

કવિની સૃષ્ટિને ઉજાગર કરતી બે વાર્તાઓ એવી 'કવિના પ્રેમપત્રો' વાર્તામાં શિક્ષિત અને શહેરી વિસ્તારની એવી સુભદ્રા કવિ રોહિતને પરણવા માગે છે. પરંતુ લગ્ન પહેલાં જ રોહિત એ પ્રેમપત્રોને પ્રસિદ્ધ કરી અમર સાહિત્યકાર બનવા

માગે છે. જે પત્રો પર સુભદ્રાની માલિકી હતી તે સમગ્રની થઈ જશે એવા દુઃખથી પત્ર લખી રોહિતને લગ્નની ના પાડતી જોવા મળે છે. તો 'કલાકારની પત્ની' વાર્તામાં કવિની પત્ની બનવા માગતી એવી 'રેખા'નો પતિ કલાને ફક્ત સાધન ગણે છે. જેથી તે જે કલ્પનાથી, સ્વપ્નસૃષ્ટિથી પ્રેરાઈને કલાકારની પત્ની બની હતી તે સ્વપ્નસૃષ્ટિ ભાંગી પડતી જોવા મળે છે.

**૨. 'એક લહર'**

ધીરુબહેન પટેલનો બીજો વાર્તાસંગ્રહ 'એક લહર' ઈ.સ. ૧૯૫૭માં પ્રકાશિત થયો. એમાં એમણે સ્ત્રીવિષયક સંઘર્ષો તેમજ સમસ્યાઓને આલેખી છે. આ વાર્તાસંગ્રહમાં ત્રેવીસ વાર્તાઓને લઈને જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ વડે સમાજના વિવિધ સ્તરનાં પાત્રોથી આલેખિત કરી એમની વૈચારિક ભૂમિકાને શબ્દબદ્ધ કરીને કંડારી છે.

'રક્ષાબંધન' વાર્તામાં વિધવા મા તેમજ તેની વહુ પ્રેમીલાના પાત્ર દ્વારા સાસુ-વહુના તણાવભર્યા સંબંધોની સાથે સાથે આધુનિક જીવનના રંગે રંગાયેલાં દીકરા કાર્તિક અને વહુ પ્રેમીલા સામે વિધવા જનેતાનો જીવનસંઘર્ષ વ્યક્ત થયેલો જોવા મળે છે. આવી જ વિધવા સ્ત્રીને લગતી બીજી વાર્તા જોઈએ તો 'ગઈકાલની ખાનદાની' વાર્તામાં મહાલક્ષ્મીના પતિનું અવસાન થવાથી વિધવા મહાલક્ષ્મી આર્થિક મુશ્કેલીનો સામનો કરતી જોવા મળે છે. 'નર્મદા' વાર્તામાં શિક્ષિત એવી યશોદાને લગ્નની રાત્રે જ પોતાના પતિની પ્રેમિકાની જાણ થતાં યશોદાનું જીવન અંધકારમય બની જાય છે.

'બંધન' વાર્તામાં વ્યસનની લતે ચડી જતી માલતીની અવદશા ધીરુબહેન સંવેદનાત્મક રીતે પ્રગટ કરે છે. 'ધીમું ઝેર' વાર્તામાં ગરીબ યુવાનને પ્રેમ કરતી લીલા પોતાના શ્રીમંત કાકા તવંગર જીવનની ટેવ પડાવતાં તે પોતાના પ્રિયતમનો ત્યાગ કરતી જોવા મળે છે. 'અંધારી રાત' વાર્તામાં નિરૂપમાની દીકરી ખોવાઈ જતાં દુનિયા વિરુદ્ધ જઈને પોતાની પુત્રીની ઘણી શોધખોળ કરે છે. લાંબા સમય બાદ આંખનાં બે રતન ગુમાવી દીધેલી દીકરીનું મા સાથે મિલન થાય છે.

'અનાથાશ્રમની કન્યા' વાર્તાની શિક્ષિત હેમલતા અનાથાશ્રમમાં ઊછરેલી હોવાથી તેના સાસુ-સસરા, તેનો પતિ તેમજ સમાજ તેની ઉપેક્ષા કરતાં જોવા મળે છે. 'મયંકની મા' વાર્તામાં સુરેખા પોતાના પુત્ર મયંક માટે અપાર પ્રેમ હોવાથી પોતાનો પુત્ર મયંક મોટો થશે અને અળગો થશે એમ વિચારી પોતાના પુત્રને લઈને ભવિષ્ય અંગે ચિંતા કરતી જોવા મળે છે. 'દીકરીનું ધન' વાર્તામાં કુટુંબની આર્થિક સંકળામણને લીધે નીરસ કામમાં ધકેલાયેલી શકુંતલાનું જીવન ખૂબ જ નીરસ છે, જેની લગ્નની ઇચ્છા પણ પૂર્ણ થતી નથી. 'નર્તનમૂર્તિ' વાર્તામાં વેણુની

મા ઈર્ષ્યાવૃત્તિથી પ્રેરાઈ તેને નૃત્યાંગના બનાવે છે. તેમાં તેનું બાળપણ, યુવાવસ્થા, ભવિષ્ય બધું વેડફાય છે. જે લોકો તેના નૃત્યના દીવાના છે તેમાંથી કોઈ એની સાથે લગ્ન કરવા તૈયાર થતું નથી.

૩. **'વિશ્રંભકથા'**

ધીરુબહેન પટેલનો ત્રીજો વાર્તાસંગ્રહ 'વિશ્રંભકથા' ઈ.સ. ૧૯૬૬માં પ્રકાશિત થયો. એમાં એમણે સ્ત્રીવિષયક સંઘર્ષો તેમજ સમસ્યાઓને આલેખી છે.

'વિશ્રંભકથા' વાર્તામાં મંગળા પોતાના પસંદગીના પાત્ર સાથે પરણી શકી નથી, જેથી તેના વર્તનમાં યાંત્રિકતા દેખાય છે. 'મનસ્વિની' વાર્તામાં સુવર્ણાની બહેન આશા ઉંમરમાં મોટી પણ દેખાવે ઊતરતી હોવાથી સુવર્ણાની આકર્ષકતાને કારણે અનાકર્ષક એવી મોટી બહેન આશાનું લગ્ન ન ગોઠવાતાં નાનીબહેન પ્રત્યે ઈર્ષા, દ્વેષ જેવી લાગણી થાય છે.

'એક મુસાફરી' વાર્તામાં સ્વાતિના આધુનિક વિચારો અને ભાવિ સસરાની અણઘડતા રજૂ કરે છે. તેને પરિણામે મુસાફરીનું કારણ જ મુસાફરીનો અંત લાવે છે. 'હું ચાહું છું' વાર્તામાં રત્ના અને શિરીષ ધનવાન દંપતી છે. પરંતુ રત્નાને દેહમાં વ્યાધિનો રોગ હોવા છતાં તેનો પતિ તેની ક્રૂર ઉપેક્ષા કરે છે. જેથી બંને વચ્ચે શ્રદ્ધાનો જીવંત તંતુ કપાઈ જાય છે.'દર્પણ' વાર્તામાં 'ઝેનોબિયા' પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્ન ન કરી શકવાના કારણે વ્યગ્રતામાં જીવન વ્યતીત કરે છે. અંતે પોતાના પતિને તેના પ્રેમીની જાણ થઈ જતાં આઘાત પામીને મૃત્યુ પામે છે.

૪. **'ટાઢ'**

ધીરુબહેન પટેલનો ચોથો વાર્તાસંગ્રહ 'ટાઢ' ઈ.સ. ૧૯૮૭માં પ્રકાશિત થયો. એમાં એમણે સ્ત્રીવિષયક સંઘર્ષો તેમજ સમસ્યાઓને આલેખી છે. આ વાર્તાસંગ્રહમાં અઢાર વાર્તાઓને લઈને જુદાં જુદાં દષ્ટિબિંદુઓ વડે સમાજના વિવિધ સ્તરનાં પાત્રોથી આલેખિત કરી એમની વૈચારિક ભૂમિકાને શબ્દબદ્ધ કરીને કંડારી છે.

'મમ્મી નામનો પરપોટો'માં માતૃહૃદય અને સ્ત્રીની માતૃભાવના કલાત્મક રીતે અભિવ્યક્ત થઈ છે. જેમાં માલા એની દીકરી તમન્નાને લીધે વિધવાવસ્થામાં જીવન વિતાવે છે. 'મારા મનથી એમ કે' વાર્તામાં શિલ્પાનું એસ.એસ.સી. પત્યા પછી તેનાં લગ્ન ગોઠવાઈ જાય છે. પરંતુ લગ્ન બાદ તેનો પતિ તેની પ્રેમિકા સાથે ભાગી જવાથી શિલ્પાનું જીવન અંધકારમય બનતું જોવા મળે છે. વહુના ત્રાસથી જાત્રાને બહાને ઘર છોડીને ચાલ્યા ગયેલાં આશાબહેન જેવાં સાસુ પણ જોવા મળે છે. 'લાલબત્તી' વાર્તામાં સુષમા શહેરી વિસ્તારમાં રહેતી શિક્ષિત સ્ત્રી છે. જેને બંને ભાઈઓ હોવા છતાં કંપનીમાં કામ કરીને ઘર ચલાવતી જોવા મળે છે.

'એક છોકરીનું સ્મિત' વાર્તામાં નાની બહેન અને માતાની ટકોર અને તેની પ્રત્યેની શંકાને કારણે કૌશાંબી અંતે ગમગીન બનતી જોવા મળે છે. 'અનિવાર્ય સંજોગોને લીધે' વાર્તામાં શહેરી વિસ્તારમાં કરફ્યુ હોવાથી શહેરની લોહિયાળ ગલીઓમાં માર્ગ કરતી–કરતી લગ્ન માટે ઘરે આવેલી શાશ્વતીને નીરવ પાછા ચાલ્યા જવાનું કહેતાં તેનું સ્વપ્ન તૂટી જતું જોવા મળે છે. 'દસ્ટોદસ્ટ' વાર્તામાં ગ્રામ્ય પરિવેશમાં કરુણાસભર જીવન જીવતાં કાશીમાના પતિનું મૃત્યુ થયું છે, તો બીજી બાજુ એકનો એક દીકરો નારણ જુગારિયો છે. તેથી પોતાના પતિના મૃત્યુ બાદની અંતિમ ક્રિયા કરવા પણ કાશીમા પાસે રૂપિયા નથી. આમ, આ વાર્તામાં ગામડાંઓના કૃષકજીવનની કંગાલિયતનું દર્શન કરાવ્યું છે.

૫. 'જાવલ'

ધીરુબહેન પટેલનો પાંચમો વાર્તાસંગ્રહ 'જાવલ' ઈ.સ. ૨૦૦૧માં પ્રકાશિત થયો. એમાં એમણે સ્ત્રીવિષયક સંઘર્ષો તેમજ સમસ્યાઓને આલેખી છે. આ વાર્તાસંગ્રહમાં સત્તાવીસ વાર્તાઓને લઈને જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓ વડે સમાજના વિવિધ સ્તરનાં પાત્રોથી આલેખિત કરી એમની વૈચારિક ભૂમિકાને શબ્દબદ્ધ કરીને કંડારી છે.

'નો કૉમેન્ટ્સ' વાર્તામાં શ્વેતા એ શહેરી અને શિક્ષિત સ્ત્રીપાત્ર છે. જે કુણાલ સાથે પ્રેમલગ્ન કરે છે. પરંતુ બંને વચ્ચે વિશ્વાસનો અભાવ જોવા મળે છે. 'એક વખત' વાર્તામાં સુષમાનું પોતાના પસંદગીના પાત્ર સાથે લગ્ન ન થઈ શકવાના કારણે આખી જિંદગી તેને ભૂલી શકતી નથી. ને આખી જિંદગી વ્યગ્રતામાં અને પોતાના પ્રેમીની યાદમાં વિતાવે છે. 'તંતુ' વાર્તામાં અંકિતા પોતાના પતિને છોડી પોતાના પસંદગીના પાત્ર પરેશ સાથે લગ્ન કરી લેવાથી પોતાની દીકરી મિત્સુ મા અંકિતાને નફરત કરે છે. કેમ કે પુત્રી મિત્સુ માને છે કે પોતાના પિતાનું મૃત્યુ તેની મા અંકિતાને કારણે થયું છે. 'ગોદડી' વાર્તામાં દારૂડિયા બાપના ત્રાસના કારણે એકલવાયી મા કમલાની જે દયનીય સ્થિતિ થાય છે તે જોઈને પુત્રી લાજુ દુઃખી થાય છે. તેમજ પોતાના પતિની મરજી વિરુદ્ધ પોતાની માને મળવા આવે છે. જેમાં અહીં લાજુ અને તેની મા કમલાની મનઃસ્થિતિ પ્રગટ થતી જોવા મળે છે.

'કૂંપળ' વાર્તામાં સુનંદાનાં લગ્ન પોતાના પસંદગીના પાત્ર એવા મનોજ સાથે ના કરાવતાં તેના પિતાજી અન્ય પાત્ર સાથે લગ્ન કરાવી દે છે. જેને રોજ વરનો માર સહન કરવો પડે છે. અંતે સુનંદા બીમારી તેમજ દુઃખથી પીડાઈને મૃત્યુ પામે છે. 'જાવલ' વાર્તામાં ગામડામાં રહેલી અંધશ્રદ્ધા અને તેને પરિણામે જાવલની કફોડી સ્થિતિનું શબ્દચિત્ર ખડું કર્યું છે. 'અરુન્ધતી' વાર્તામાં ઉદ્ધવ-અરુન્ધતી પતિ-પત્ની હોવા છતાં ઉદ્ધવને મોનિકા સાથે પ્રેમ થાય છે તેમજ પરણવા માગે છે. આ

સંભળી અરુન્ધતી આઘાત પામે છે અને પોતાનાં સંતાનોના ભવિષ્ય વિશે ચિંતિત થતી જોવા મળે છે. શંકુતલા જેવી સ્ત્રીને ભણતી અટકાવીને તેનો પતિ તેનાં સ્વપ્નોને સફળ થવા દેતો નથી.

'આશા' વાર્તામાં ગ્રામીણ, અભણ અને લાચાર એવી આશાને પંદર વરસની હોવા છતાં તેના બાપાએ છ છોકરાંવાળા બીજવર સાથે પરણાવી દીધી. પરંતુ તેના પતિએ લગ્નના બીજે દિવસે જ કાઢી મૂકી. લગ્નમાં જે ખર્ચ થયો તે પિતાને પાછો આપવા કામ કરતી જોવા મળે છે. 'નવી નોકરી' વાર્તામાં માનસિકતા ધરાવતાં એવાં સીતાબહેન પાંત્રીસ વરસનાં છે છતાં રૂપાળાં ને શાંત સ્વભાવનાં છે. પરંતુ તેમના પિતાનું મૃત્યુ થવાથી તે આઘાત સહન કરી શકતાં નથી ને પિતા હજુ જીવે છે એમ માનીને પિતાનાં કામ કર્યે જાય છે. આમ, આ પાત્ર માનસિક સ્થિતિ ધરાવતું પાત્ર છે.

❖ **વાર્તાકાર ધીરુબહેન પટેલના વાર્તાસંગ્રહોને આધારે સ્ત્રીપાત્રોનું વિશ્લેષણ :**

ધીરુબહેન પટેલ સ્વાતંત્ર્યોત્તર યુગનાં બહુમુખી પ્રતિભા ધરાવનારાં સ્ત્રી-લેખિકા છે. તેમની વાર્તાઓમાં નારીપાત્રોમાં વૈવિધ્ય જોવા મળે છે. એમની વાર્તાઓમાં સ્ત્રીપાત્રો મહદ્ અંશે અંતર્મુખી, ઉચ્ચ આદર્શો અને ભવ્ય ભાવનાઓમાં રાચનારાં અને ઊંડું મનોમંથન, મૂંઝવણો અનુભવતાં જણાય છે. તેમની વાર્તાઓમાં શિક્ષિત અને અશિક્ષિત તેમજ નોકરી કરતી અને ઘર ચલાવતી સ્ત્રીઓની જીવનસ્થિતિ ધરાવતાં સ્ત્રીપાત્રો જોવા મળે છે. શિક્ષણ આવ્યા પછી સ્ત્રી નોકરી કરવા ઘર બહાર નીકળી છતાં સમસ્યાઓના ઉકેલો મળી જતા નથી. પરિસ્થિતિઓ બદલાય એમ સ્ત્રીઓની વાર્તાઓમાં સમસ્યાઓ બદલાય છે. આ વાર્તાઓમાં સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ વડીલોના આદેશ પ્રમાણે બીજા પાત્ર સાથે ઘર માંડતી, તો ક્યાંક સામાજિક બંધનો કે રૂઢિઓ, પરંપરાઓનો વિરોધ કરતાં સ્ત્રીપાત્રો જોવા મળે છે.

સમગ્ર વાર્તાસંગ્રહમાં સ્ત્રીચેતનાનું આલેખન થયું છે. સ્ત્રીપાત્રોની માનસિક વ્યથા, પીડા અને વિટંબણાઓનું નિરૂપણ કર્યું છે. પાત્રાલેખન દ્વારા વાર્તાને યોગ્ય આકાર આપવાનું કાર્ય તેમણે કર્યું છે.

વિધવા સ્ત્રીની ચેતનાનાં વિવિધ આવર્તનોનો પરિચય પણ ભાવકને ધીરુબહેન પટેલની વાર્તાઓ દ્વારા થતો રહે છે. પતિનું અવસાન થતાં સ્ત્રીના જીવનમાં કેવા વળાંકો આવે છે, કેવી પરિસ્થિતિઓ સર્જાય છે. અથવા તો પતિની ગેરહાજરી સ્ત્રીને કેવી સક્ષમ કે હિંમતવાન બનાવે છે તેનાં ચિત્રો 'રક્ષાબંધન', 'ગઈકાલની ખાનદાની', 'જાવલ', વગેરે જેવી વાર્તાઓમાં અંકિત કર્યાં છે. સ્ત્રી પોતાના અધિકારો માટે ઝઝૂમતી પણ જોવા મળે છે. સ્ત્રીમુક્તિ આંદોલનો એની મોટામાં મોટી સાબિતી છે. સ્ત્રીના અધિકારો કયા છે? કેટલા છે? એ તરફ સ્ત્રી જ્યારે સભાન થાય છે, અને

એને પ્રાપ્ત કરવા માટે મક્કમ મનોબળે આગળ વધે છે ત્યારે સંઘર્ષનું નિર્માણ થાય છે.

નારીજીવનનું મહત્ત્વ સમજાવીને નારીનું ઘડતર શા માટે થયું છે, તેનું નિરૂપણ એમની વાર્તાઓમાંથી પ્રગટે છે. 'એક મુસાફરી' વાર્તામાં નાયિકાના આધુનિક વિચારો અને ભાવિ સસરાની અણઘડતા રજૂ કરે છે. તેને પરિણામે મુસાફરીનું કારણ જ મુસાફરીનો અંત આવે છે.

ધીરુબહેન પટેલના પાંચેય વાર્તાસંગ્રહમાં 'પ્રથમ પુરુષ કથનકેન્દ્ર' અને 'ત્રીજો પુરુષ કથનકેન્દ્ર' ને દૃષ્ટિગત રાખીને ચર્ચા કરી છે. ધીરુબહેન પટેલ મનોભાવો અને વિચારોની અભિવ્યક્તિ પ્રદાન કરવા માટે સાહિત્યિક ભાષાશૈલીનો ઉપયોગ કરે છે. તેમની ગદ્યની ભાષા અત્યંત સશક્ત, પાત્રાનુકૂલ, સાર્થક અને પ્રભાવપૂર્ણ છે. એમનું શબ્દવૈવિધ્ય વિશાળ અને અસીમિત છે. તે ભાવોને અનુરૂપ શબ્દોનું ચયન કરવા માટે દેશજ, અંગ્રેજી, પુનરોક્તિ આદિ શબ્દોનો સાર્થક રીતે પ્રયોગ કરે છે. શબ્દોની સાથે-સાથે ભાષામાં સજીવતા લાવવા માટે રૂઢિપ્રયોગોનો સુંદર અને સ્વાભાવિક પ્રયોગ કરે છે અને એમની વાર્તામાં એમણે પ્રતીક, ફ્લેશબેક જેવી પ્રયુક્તિઓ યોજીને વાર્તાનું સુંદર વર્ણન કર્યું છે.

ધીરુબહેન પટેલની વાર્તાઓનાં સ્ત્રીપાત્રોમાં નારીનો દ્વેષ, ઈર્ષ્યા, વેદના-વ્યથા, એકલતા, નૈતિકતા, હિંમત જેવા ભાવોમાં આવતું પરિવર્તનનું ચિત્રણ થયેલું જોવા મળે છે. વાર્તાનાં સ્ત્રીપાત્રોના માનસિક સંઘર્ષનું મનોમંથન, જીવનચિંતન વધુ અસરકારક છે. તેમની વાર્તાઓમાં નારી સમસ્યાની સાથે સાથે નારીવિષયક હકારાત્મકતા અને સ્ત્રીનાં વિવિધ લક્ષણોને પણ અહી અભિવ્યક્ત કર્યો છે. તેમની વાર્તાઓમાં સંસારરસથી વિમુખ થયેલી સ્ત્રીની સમસ્યા, વ્યસનની લતે ચડી જતી સ્ત્રી, દીકરા-દીકરી વચ્ચેના ભેદની સમસ્યા, સ્ત્રીશોષણની સમસ્યા,ધાર્યું કરનારી મનસ્વિની સમસ્યા અને માતૃહ્રદયના મનોભાવો, પતિધર્મ નિભાવતી સ્ત્રીની વ્યથા, સ્ત્રીની ત્યાગભાવના, તેમજ સ્ત્રીનાં જુદાં જુદાં પાત્રોને લેખિકા અહી હકારાત્મક રીતે પ્રગટ કરે છે.

ધીરુબહેન પટેલ સ્ત્રી-સ્ત્રી વચ્ચેના સંબંધોને આગવું સ્થાન આપી શક્યાં છે. સાસુ-વહુના સંબંધોની જે પારંપરિક છબી સમાજમાં પ્રદર્શિત છે, તેને લુપ્ત કરવા અથવા તો તેમાંથી યોગ્ય માર્ગ કાઢતી છબી રજૂ કરી છે. સ્ત્રી પણ સ્ત્રીની શત્રુ બની શકે છે. એટલે માત્ર પુરુષને જ સ્ત્રીની વિરુદ્ધ મૂકવાની જરૂર નથી. તેમનું માનવું છે કે ઘર, બાળકોની સાર સંભાળ અને સમાજનાં રીતરિવાજ એ જ નારીજીવનની પૂર્ણતા નથી. સ્ત્રીને પણ પોતાનું આગવું વ્યક્તિત્વ છે અને સમાજે તેનો સ્વીકાર કરવો જ જોઈએ.

➤ **તારણો :**

વાર્તાકાર ધીરુબહેન પટેલની સમગ્ર વાર્તાઓના અભ્યાસને અંતે પ્રાપ્ત થતાં તારણો આ પ્રમાણે છે :

- ધીરુબહેન પટેલની વાર્તાઓની ભાષા સાદી, સરળ અને ચોટદાર જોવા મળે છે. ધીરુબહેન પટેલની વાર્તાઓમાં શિષ્ટ ભાષા ઉપરાંત તળપદી બોલીનો વિનિયોગ થયો છે. તેમણે નગરજીવનની સ્ત્રીની સમસ્યાઓ, ગ્રામીણ સ્ત્રીની તેમજ શિક્ષિત સ્ત્રીઓના પ્રશ્નોને વાર્તાઓમાં રજૂ કર્યા છે.
- વાર્તામાં આવતાં પાત્રોની વેદના-સંવેદના રજૂ કરીને વાર્તા અને પાત્રને અનુરૂપ વાતાવરણ ઊભું કરવામાં તેઓ સફળ રહ્યાં છે.
- પતિવ્રતા નારીનું નિરૂપણ કરી લેખિકાએ સ્ત્રીમાં શ્રદ્ધા અને વિશ્વાસ રજૂ કર્યાં છે. આ પરંપરાગત નારીની છબી દ્વારા તેમણે આગામી સમયમાં ટકી રહેવાનું ઉત્કૃષ્ટ લક્ષણ પણ રજૂ કર્યું છે.
- ભયથી પીડિત એવી સ્ત્રી પણ આપણા સમાજમાં જોવા મળે છે, જે પતિથી, સ્વજનોથી, ઈર્ષાળુઓથી સતત ભયના ઓથાર હેઠળ જીવતી સ્ત્રીની ચેતના લેખિકાએ નિરૂપી છે.
- લગ્નોત્સુક નારીનું ચિત્ર પણ લેખિકાએ નિરૂપિત કર્યું છે. મોટી ઉંમરે લગ્ન કરવા માંગતી પરંતુ યોગ્ય પાત્ર ન મળતાં કુંવારી રહી જતી સ્ત્રીનું નિરૂપણ લેખિકાએ જુદી જુદી વાર્તાઓમાં કર્યું છે.
- વિધવા સ્ત્રીની ચેતનાનો આવિષ્કારનું અહીં 'રક્ષાબંધન' અને 'ગઈકાલની ખાનદાની' જેવી વાર્તાઓમાં લેખિકાએ નિરૂપણ કરેલું જોવા મળે છે.
- આ વાર્તાસંગ્રહોમાં પ્રકાશિત થતી નારીસમસ્યાકેન્દ્રી વાર્તાઓ સમાજના વિવિધ પ્રશ્નો લઈને આવે છે.
- આ પ્રશ્નોમાં દીકરીનો જન્મ, પુનઃલગ્ન, મોટી ઉંમરના પુરુષ સાથે લગ્ન, પુરુષોના અત્યાચાર, વિધવા સ્ત્રીની વેદના, સ્ત્રી-સ્ત્રી વચ્ચેની ઈર્ષ્યા, સાસુ-વહુના સંબંધોની સમસ્યા, છૂટાછેડાની સમસ્યા, અનાથ સ્ત્રીને થતી મુશ્કેલીઓ, વગેરે જેવી સમાજની જુદી-જુદી સમસ્યા ધરાવતાં સ્ત્રીપાત્રોને અહીં ઉજાગર કર્યાં છે.
- વૈવિધ્યપૂર્ણ સામાજિક સંબંધોની છબી અંકિત કરવાનો લેખિકાએ સફળ પ્રયાસ કર્યો છે, જેમાં પતિ-પત્ની ઉપરાંત ભાઈ-બહેન, વહુ-સાસુ, મા-દીકરી, ભૂતપૂર્વ પ્રેમી-પતિ જેવા સંબંધોની સૂક્ષ્મ રજૂઆતનું તથ્ય ધ્યાન ખેંચે છે.
- દામ્પત્યજીવનનો ઢસરડો તેમજ ગૃહિણીનું નિરૂપણ કરીને લેખિકાએ મૂળભૂત - પરંપરાગત નારીની છબી રજૂ કરી મહત્ત્વનું તથ્ય મૂકી આપ્યું છે.

- આજે વ્યવસાય-નોકરી કરતી સ્ત્રીઓની સંખ્યા વધી છે ત્યારે બેવડી ભૂમિકા ભજવતી સ્ત્રીની ચેતના કેવી હોય છે? એનો અનુભવ લેખિકાએ રજૂ કર્યો છે.

આમ, ધીરુબહેન પટેલની વાર્તાઓનાં સ્ત્રીપાત્રો વૈવિધ્યસભર, ગુણવત્તાવાળી અને ગતિશીલ છે.

---

**સંદર્ભ-સૂચિ**


- પટેલ ધીરુબહેન. 'અધૂરો કૉલ', અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૫૫
- 'એક લહર', અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૫૭
- 'જાવલ', અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૨૦૦૧
- 'ટાઢ', અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૮૭
- 'વિશ્રંભકથા', અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ૧૯૬૬